# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-04-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કરાયો છે. સાતમા પગારપંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 2 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા એ કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 6 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવવામાં આવશે. છઠ્ઠા તેમજ સાતમા પગારપંચનો લાભ મેળવતા રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી 4.78 લાખ કર્મચારી અને 4.81 લાખ પેન્શનર્સને આ લાભ મળશે. આ નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે, તેમ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતુ.

-----------------------------------------------------------------------------------------------

## ગુડથર-મતિયા દેવનો મેળો:

અબડાસા તાલુકાના ગુડથરમાં મોટા મતિયા દેવના સ્થાનકે આજથી બે દિવસીય મેળાનો પ્રારંભ થયો છે. ગુડથર ખાતે આજે સાંજે દર્શન-પૂજા, રાત્રે લોકસંગીતનો કાર્યક્રમ, ધર્મગુરૂઓ દ્વારા જ્ઞાનવાણી યોજાશે. આવતીકાલે ગુરૂવારના બપોરે 12 કલાકે ધર્મપંથ, ત્યારબાદ પેડી પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે. ગઇકાલે મંગળવારના સાંજે યોજાયેલી મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભાઇ-બહેનો જોડાયા હતા. મેળામાં કચ્છભરમાંથી તેમજ કચ્છ બહારથી જામનગર, હાલાર, રાજકોટ તેમજ મધ્યપ્રદેશ, મુંબઇ સહિત વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં મહેશપંથી મહેશ્વરી સમાજના ભાઇ-બહેનો ઉમટી પડશે. મેળામાં ચગડોળ, વિવિધ રાઇડસ તેમજ ખાણીપીણી, કટલેરી, રમકડા સહિતના વિવિધ સ્ટોલની બજારો ઉભી કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગર પાલિકા:

ગાંધીધામ મહા નગરપાલિકામાં ત્રણ મહિના દરમિયાન 1 હજાર 598 બાળકના જન્મની નોંધણી થઈ છે અને 392 લોકોનાં મરણના દાખલા આપવામાં આવ્યા છે. મહા નગરપાલિકાના ચોપડા ઉપર નોંધાયેલા આંકડા મુજબ એક જાન્યુઆરી-2024થી લઈને 31 ડિસેમ્બર-2024 દરમિયાન કુલ 6 હજાર 699 બાળકના જન્મની નોંધણી થઈ હતી, તેમાં 3 હજાર 462 બાળક અને 3237 બાળકી છે. બંને વચ્ચે 255 એટલે કે, લગભગ 3.36 ટકાનો તફાવત જોવા મળી રહ્યો છે, પરંતુ જાન્યુઆરી-2025થી લઈને માર્ચ-2025 દરમિયાન ત્રણ મહિનામાં 1 હજાર 598 બાળકના જન્મની નોંધણી થઈ છે, તેમાં સ્ત્રી જન્મ દર ઊંચો છે. 797 બાળકની સામે 801 બાળકીના જન્મની નોંધણી થઈ છે.

---

## આણંદસરમાં સબયાર્ડ:

ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તેના માટે એપીએમસી કાર્યરત છે. પશ્ચિમ કચ્છના ખેડૂતોને પોતાનો માલ વેચવા જિલ્લા મથક ભુજ સુધી આવવું પડે છે. પશ્ચિમ કચ્છના ખેડૂતો માટે સમયની સાથે ઇંધણની ખપત ઘટાડવા માટે ભુજ તાલુકાના આણંદસર ગામે સબયાર્ડ બનાવવાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ભુજ એપીએમસીના ચેરમેન હઠુભા જાડેજા અને સેક્રેટરી શ્રી બરાડિયાએ જણાવ્યું હતું કે આણંદસર ગામે સબયાર્ડ બનાવવા સરકારે બે એકરની જમીન મંજૂર કરી છે અને તેનો કબ્જો પણ મળી ગયો છે. આ સબયાર્ડમાં દાડમ, કેસર કેરી સહિતની ખેત પેદાશોના વેચાણ માટે સુવિધા ઉપલબ્ધ થશે સાથે વેબ્રિજની પણ સુવિધા ઉભી કરવામાં આવશે. આવનારા સમયમાં આણંદસર ખાતે સબયાર્ડ ચાલુ થવાથી આજુબાજુના વિસ્તારોના ખેડૂતોને ભુજ સુધી આવવું નહીં પડે.

---

## હવામાન:

કચ્છ જિલ્લામાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. જિલ્લા મથક ભુજમાં આજે મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર કરી ગયું છે. દિવસ દરમિયાન ફૂંકાતા ગરમ પવનના કારણે લોકો લૂનો સામનો કરી રહ્યા છે. જિલ્લાના પૂર્વ વિભાગના અંજાર-ગાંધીધામ વિસ્તારમાં ગરમીનો પારો સતત ઊંચકાઈ રહ્યો છે. પૂર્વ કચ્છમાં ગઈકાલે તાપમાન 44 ડિગ્રીને આંબી ગયુ હતું. આજે કંડલા એરપોર્ટ વિસ્તારમાં પણ રાજ્યની સરખામણીમાં સૌથી વધુ ગરમી નોંધાઈ છે. બપોરના સમયે આકાશમાંથી અગનવર્ષા વરસી રહી હોય તેવો લોકો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગે 17મી સુધી ગરમીના આકરા મોજાનું યલો એલર્ટ જારી કર્યું છે.

---

## આદિપુર-ગાંધીધામ હાઈવે પર અકસ્માત:

આદિપુર-ગાંધીધામ હાઈવે પર આજે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આદિપુર બસ સ્ટેશન નજીક એસટીની વોલ્વો બસે એક બાઇક અને રોડ ક્રોસ કરી રહેલા મોપેડ સવારને હડફેટે લીધા હતા. આ અકસ્માતમાં વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જ્યારે બે લોકોને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

---

## ભુજ નગરપાલિકા વેરો:

ભુજ નગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષની શરૂઆત થતા આજથી વેરો સ્વીકારવાનું શરૂ થઇ ગયુ છે. માર્ચ માસની પુર્ણાહુતિ થતા નગરપાલિકાએ વિક્રમી વેરાની વસુલાત કરી હતી. જુન માસ સુધી નવો વેરો ભરનારને રીબેટ અપાશે. આ સ્મીનો લાભ લેવા માટે સુધરાઇએ જાહેર અપીલ કરી છે.

અને આ સાથે સમાચાર બુલેટિન પુરૂં થયું નમસ્કાર

---